## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ




મમ્મી, ફી ભરવાની સ્લીપમાં જોઈને કહે તો, મારી સ્કૂલનું શું નામ હતું...?!!!

## સાદરા સંકુલમાં વિશ્વ માતૃભાષા દિવસ ઉજવાયો

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના બી.એ., એમ.એ. વિભાગના સરદાર ઉપાસના મંદિરમાં વિશ્વ માતૃભાષા દિવસની ઊજવણી કરવામાં આવી. જેમાં મુખ્ય વક્તા સંકુલનાં સંયોજક પ્રા. રમેશભાઈ પટેલએ વિદ્યાર્થીભાઈઓ બહેનોને સંબોધન આપતા કહ્યું કે મનનથી બોલાય તે માતૃભાષા જયારે મગજથી બોલાય તે પરભાષા.

૧૯૭૮માં સ્વ. મોરારજી દેસાઈ ભારત દેશના વડાપ્રધાન હતા ત્યારે ખેતીવાડી યુનિવર્સિટીઓમાં ખેતીનું જ્ઞાન અંગ્રેજી માધ્યમમાં અપાતું હતું. ત્યારે સ્વ. મોરારજી દેસાઈએ ખેતીનું જ્ઞાન માતૃભાષામાં કરી દીધું હતું. જેથી વિદ્યાર્થીઓ અને ખેડૂતો ગુજરાતીમાં વાંચી સમૃદ્ધ ખેતી કરી શક્યા. મહાત્મા ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી ત્યારે અગિયાર ધ્યેયો નક્કી કર્યા હતા. જેમાંનો પાંચમો ધ્યેય વિદ્યાપીઠમાં સ્વભાષાને પ્રધાનપદ દેવામાં આવશે. અને બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવામાં આવશે. સંગીતકાર જગદીશ પરીખએ જનનીની જોડ સખી નહીં જડે રે લોલ, ગુજરાતી ગીત ગાઈ શ્રોતાજનોને ભાવવિભોર કર્યા. ડૉ. મોતી દેવુંએ સભાસંચાલન કર્યું અને ડૉ. દિવ્યેશ ભટ્ટએ આભાર દર્શન કરી વિશ્વમાતૃભાષા દિવસ ઉજવણીનું સમાપન કર્યું.

# બાઈક ચોરી કરતી ગેંગને પોલીસે ઝડપી પાડી

## સેકટર-૨૧ સર્વેલન્સની ટીમે ૩ આરોપીને ૪ બાઈક સાથે રૂ.૧ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા, ચાર ગુનાનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૨૨

છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર શહેર-જિલ્લામાં બાઈક ચોર શખ્સો ચોરીને અંજામ આપી તરખાટ મચાવી રહ્યા છે. શહેરમાંથી આંતરે દિવસે બાઈક ચોરીના કિસ્સા નોંધાય છે. ત્યારે પોલીસ પણ બાઈક ચોરો પકડવા માટે કમસકસી રહી હતી.ત્યારે સેકટર-૨૧ પોલીસ મથકની સર્વેલન્સની ટીમે ક-૭ પાસેથી ત્રણ શખ્સોને ચોરીના ૪ બાઈક સાથે ઝડપી પાડ્યા હતા. જયારે સર્વેલન્સની ટીમ ટોળકીને પકડી પાડી ત્રણ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા સામે આવી રહ્યા હતા. જેને પગલે જિલ્લા પોલીસ વડા દ્વારા વાહનચોરીના બનાવ અટકાવવા માટે જરુરી સુચનાઓ આપી હતી. જે અન્વયે સેકટર-૨૧ પીઆઈ જે.એમ.ભરવાડ ના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સની



ટીમના પીએસઆઈ આર.સી.ખરાડી તેમજ પોલીસ જવાનો દ્વારા સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ હાથ ધરાયું હતું. જેને પગલે સર્વેલન્સ ટીમના હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ કુબેરસિંહ રાણા અને કોન્સ્ટેબલ અલ્પેશસિંહ દશરથસિંહને બાતમી મળી હતી કે ત્રણ શખ્સો ચોરીના બાઈક પર બેસી ક-૭ થી સમર્પણ સર્કલ તરફ જવાના છે. જેથી પોલીસે વોચ ગોઠવી ચોરીના બાઈક સાથે વિકાસ અમરસિંહ ઠાકોર અને આકાશ ઠાકોર (રહે.માણેકલાલની ચાલી સારંગપુર અમદાવાદ), તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળ કિશોરને પકડી પાડ્યો હતો. તેમની પાસેથી મળી આવેલ બાઈક સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાંથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે બે ભાઈઓની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેઓએ કબુલાત કરી હતી કે દહેગામ પોલીસની હદમાંથી બાઈક ચોરી કરીને ઉનાવા ગામના નિકેશ લાલાજી ઠાકોર પાસે હોવાનું કહ્યું હતું. નિકેશ પાસેથી બાઈક રીકવર કરીને તેની પુછપરછ કરતા તેણે આજથી પાંચ માસ અગાઉ સિવિલ કેમ્પસ અને રાંધેજા ખાતેથી પણ બાઈકની ચોરી કર્યાની કબુલાત કરી હતી. પોલીસે એક લાખ પાંચ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકાની ૮ આંગણવાડીમાં ન્યુટ્રીશ્યન પાર્ક બનાવવામાં આવ્યા છે.
- ગાંધીનગરમનપાના નાયબ મ્યુનિસિપલ કમિશનર સુશ્રી પાનસેનાએ આજે મનપાની નવી બની રહેલી કચેરી સહિત વિવિધ સાઈટોની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી.
- સંક્રમણ કોરોનાનું ઓછું થતાં કેટલીક જિલ્લા કચેરીઓમાં લગાવાયેલ સેનેટાઈઝરના મશીનો ઉતારી લેવામાં આવ્યા છે.
- દહેગામના રખિયાલમાં નિવૃત્ત આર્મીમેનના હસ્તે શ્રી ગણેશ એન્ટરપ્રાઈઝ અને મોબાઈલ શોપનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે. દુકાનના માલિક ભરતસિંહ પંચાયતની સિંચાઈ સમિતિના અધ્યક્ષ છે.
- ઉત્તર ગુજરાતમાં કૃષિક્ષેત્રે વીજવપરાશ એક વર્ષમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૧ની સરકામણીએ ખેતી લગત વીજ વપરાશમાં ૧૦ કરોડ ૬૦ લાખ યુનિટની માંગ વધી છે.
- વૈજ્ઞાનિક અભિગમ દ્વારા પોષણક્ષમ પશુપાલન વિશેષાંકનું વિમોચન તેમજ ગોદર્શન ગાઈડ વેબસાઈટનું લોન્ચીંગ આજે સચિવાલયના નર્મદા હોલમાં કરાયું હતું.
- ભારત સરકારની એક ઉચ્ચસ્તરીય ટીમ ગાંધીનગર સહિત રાજ્યના છ જિલ્લાઓના સાંસદ આદર્શ ગામ યોજનાની પ્રગતિની સમીક્ષા માટે આવી હતી. આ ટીમે બિલેશ્વરપુરાની અને અમરપુરા(બ)ની મુલાકાત લીધી હતી.
- ગાંધીનગરમાં ૫૮ દિવસથી ચાલી રહેલ સફાઈ કામદારોના સમર્થનમાં દસાડા, સિદ્ધપુર અને ચોટીલાના ધારાસભ્યોએ સમર્થન આપી ૨૮મી ફેબ્રુઆરીથી ઉપવાસ આંદોલનમાં જોડાશે.
- રાજ્ય સરકાર દ્વારા આજે ખેડૂતોને મોબાઈલ ખરીદી માટે સબસીડી સહાય વિતરણનો કાર્યક્રમ વર્ચ્યુઅલ યોજાશે. જિલ્લામાં કલેક્ટર કચેરી અને ડી.આર.ડી.એ. હોલમાં આ વર્ચ્યુઅલ કાર્યક્રમ થશે.
- દલુદણ ખાતે ૧૩ ગામ લેઉઆ પાટીદાર સમાજનો ૩૨મો સમૂહ લગ્ન સમારોહ યોજાઈ ગયો.
- કલોલ જેસીસ દ્વારા મેરેથોન દોડનું આયોજન કરાયું હતું. ૯ કિ.મી.ની આ દોડને અંતે સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

# ભાટ પાસે પાર્ક કરેલી ગાડીનો કાચ તોડી ચોરી કરનાર રીઢો ચોર ઝડપાયો

ગાંધીનગર,તા.૨૨

ભાટ સ્કાય ફોરેસ્ટ કોમ્પ્લેક્ષમાં મેડ ઓવર ગ્રીન હોટલના પાર્કિંગમાંથી તાજેતરમાં ગાડીનો કાચ તોડી બેગ -ડોક્યુમેન્ટ



તેમજ રોકડા રૂ.૭૮ હજારની ચોરીનો ગુનો અડાલજ પોલીસ મથકે નોંધાતા પોલીસે તપાસ શરુ કરી હતી. ત્યારે ગાડીનો કાચ તોડી ચોરી કરનાર રીઢા ચોરને એલસીબી-૨ પોલીસે છારાનગરથી પકડી પાડી રોકડ રૂપીયા અને રીક્ષા મળી કુલ રૂ.૧,૦૫,૩૪૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યોએ હ્યુમન રીસોર્સથી તપાસનો દોર શરુ કર્યો હતો. અત્રેના વિસ્તારના બાતમીદારોને સક્રિય કરવામાં આવ્યા હતા. તે દરમિયન કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ અને નરેશકુમારને બાતમી મળી હતી કે એક રીક્ષા નં. જી.જે.૦૧.ટી.એફ.૮૩૫૧ નો ચાલક ભાટ ગામે આવેલ નારાયણી હોટલ સામેના પાર્કિંગમાં પાર્ક કરેલી ગાડીઓ પર નજર રાખી શંકાસ્પદ પ્રવૃતિ કરે છે. જેને પગલે એલસીબી-૨ ની ટીમે છારાનગર ખાતે રહેતા સન્ની દીપુભાઈ ગારંગેને રીક્ષા સાથે પકડી પાડ્યો હતો.

આરોપીની પુછપરછ કરતા કબુલાત કરી હતી કે અમદાવાદ થી મુસાફરોને બેસાડીને ગાંધીનગર જિલ્લામાં આવતો હતો અને હાઈ વે પરની હોટલ અને મોલના પાર્કિંગમાં જઈને કારની રેકી કરી વાહનમાં શીટ પર મુકેલા પર્સ તેમજ સામાન દેખાય તો વાહનનો કાચ તોડી તેમાંથી સામાન ચોરી કરી રીક્ષા લઈ અમદાવાદ ઘરે નાસી જતો હતો. ત્યારે એ જ રીતે ઉકત ચોરીના ગુનાને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે તેની પાસેથી રોકડા રૂ.૫,૩૪૦ તેમજ રીક્ષા મળી કુલ રૂ.૧ લાખ પાંચ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## પારસા હાઈસ્કૂલનું ગૌરવ

માણસા તાલુકાની કે.આર.પટેલ એન્ડ એમ.એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, પારસાના સચિનકુમાર નાયકે શાળાનું ગૌરવ વધાર્યું છે. જિલ્લા



શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૧-૨૨માં ભાગ લીધો હતો. જેમાં સચિનકુમાર નાયકે શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ શિક્ષણના નવતર પ્રયોગો કરીને જિલ્લાકક્ષાએ વિજેતા બની રાજયકક્ષાએ પસંદગી પામી શાળાનું ગૌરવ વધાર્યું છે. તે બદલ શાળાના આચાર્ય પી.એસ. પટેલ, પ્રગતિ યુવક મંડળ તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# કોલવડા ગામે જમીન મુદ્દે ભત્રીજાને માર માર્યો

ગાંધીનગર, તા.૨૨

કોલવડા ગામે પંખીઘરની સામે બેસણામાં ગયેલા યુવક પર જમીનની લેવડ-દેવડ તેમજ જુની અદાવત રાખી કાકા, કાકી અને તેમના દિકરાઓએ ભેગા મળી યુવકને ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ભત્રીજા વહુએ પેથાપુર પોલીસ મથકે ૭ વ્યકિત સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ આદરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ કોલવડા ગામના સંજય પટેલ હાલ પરિવાર સાથે ન્યું વાવોલ સમર્પણ પાર્ક ખાતે રહે છે. સંજય પટેલ સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે કાર વોશીંગ સર્વિસ સ્ટેશન ચલાવે છે. ગઈકાલે સવારે સંજય પટેલ તેમના પત્ની સાથે કોલવડા ગામે કૌટુંબીક કાકાના બેસણામાં ગયા હતા. ત્યારબાદ સમાજની વાડી થી ઘરે જમવા માટે ગયા હતા. તે સમયે હસમુખ કેશવલાલ પટેલ સાથે જમીન મુદ્દે ઝઘડો થયો છે. જયારે જમીન અંગે કોર્ટ મેટર ચાલતી હોવાથી જુની અદાવત રાખી કાકા-કાકી રકઝક કરતા હતા.

જેથી તેઓને મરણ પ્રસંગે આવી કોઈ ચર્ચા ન કરો તેમ કહેતા તેઓ ઉશ્કેરાઈ જઈને ગાળાગાળી કરવા લાગ્ય હતા.જયારે કાકી દક્ષાબેને ભત્રીજા વહુ ઝપાઝપી કરી હતી. ત્યારે સમાજના આગેવાનો સાથે વાતચીત ચાલી રહી હતી તે સમયે તેઓનુ ઉપરાણુ લઈને પ્રવિણ કેશવલાલ પટેલ, નિકુંજ પટેલ, અનિશ પટેલ, વિપુલ પટેલ અને ભાવેશ પટેલે એકઠા થઈને સંજય પટેલને બરડાના ભાગે મુક્કા અને ગડદા પાટુ મારતા સમાજના અન્ય વ્યકિતઓએ વચ્ચે પડી છોડાવ્યા હતા.જયારે તમામે એકઠા થઈને કહ્યું હતું કે જમીનની અંગે અગાઉ સમાધાન થયુ છે,તેમ તમો પણ સમાધાન કરી લેજો અને કોઈ વધુ કોર્ટ મેટર કરશો તો એકલા મળશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપતા સંજય પટેલના પત્ની કોમલ પટેલે પેથાપુર પોલીસ મથકે હસમુખ પટેલ, દક્ષાબેન હસમુખ પટેલ, પ્રવિણ કેશલવાલ પટેલ, ભાવેશ પ્રવિણ પટેલ, નિકુંજ હસમુખ પટેલ, અનિશ પ્રવિણ પટેલ, વિપુલ વિષ્ણુભાઈ પટેલ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.




## સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ સમારોહ યોજાયો

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૨૦૧૮ અને ૨૦૧૯ના વર્ષના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ સમારોહ યોજાયો હતો. જેમાં કીર્તિદા બ્રહ્મભટ્ટને વર્ષ ૨૦૧૮માં પ્રકાશિત બાલવાર્તા સંગ્રહ ‘ચકલીબહેનનું મોતી’ અને વર્ષ ૨૦૧૯માં પ્રકાશિત બાલકાવ્યસંગ્રહ ‘ફૂલોનો દરિયો’ને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કીર્તિદા બ્રહ્મભટ્ટના બાલસાહિત્યના નવ પુસ્તકો પ્રકાશિત થયેલ છે. આ ઉપરાંત ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર આયોજિત હાલરડાં સ્પર્ધામાં તેઓ વિજેતા બનતાં હતા. વિશ્વ માતૃભાષા દિને તેમની રચના ‘આંખમાં આંજી નીંદર’ને પુરસ્કૃત કરવામાં આવ્યું હતું.

# સંકુલ સાદરામાં કસ્તુરબા ગાંધીની ૭૮મી પુણ્યતિથિ ઉજવાઈ

ચિલોડા, તા. ૨૨

ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપક મહાત્મા ગાંધીના સહધર્મચારિણી કસ્તુરબા ગાંધીની ૭૮મી પુણ્યતિથિ મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન મુજબ પ્રાધ્યાપક ડૉ. ગાયત્રી દત્તા મહેતાના પ્રવચ દ્વારા ઊજવવામાં આવી. કસ્તુરબા ગાંધીના જીવન પ્રસંગોમાં બાપુ સાથે બાએ દક્ષિણ આફ્રિકામાં મહિલા મતાધિકાર સત્યાગ્રહનું નેતૃત્વ લઈ સત્યાગ્રહને સફળ બનાવ્યો હતો. કસ્તુરબા ઓછું ભણેલા હતા પણ વધુ ગણેલા હતા. તેમની માંદગીમાં અશક્તિને લીધે ઈંડા ખાવાનું ડૉકટરે કહ્યું હતું તેમ છતાં કસ્તુરબાએ તેનો વિરોધ કર્યો હતો.

હંમેશા આજ્ઞાપાલક, સત્યબોલા, હાજર જવાબી, હા કે નામાં ટૂંકો જવાબ આપનાર કર્મનિષ્ઠ, બાહોસ, નિડર એવા કસ્તુરબાનું નિધન પૂનાના આગાખાન મહેલમાં થયું. સંગીતકાર જગદીશ પરીખએ કરુણામય સ્વરે પ્રિત આવીને ચાલી ગઈ બારણીયાં ખોલીન ગઈ. બાનું વિદાયગીત ગાઈ સભાજનોની આંખો ભીની કરાવી દીધી હતી. સભા સંચાલન ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યું, જયારે આભાર દર્શન ડૉ. મોતી દેવુંએ કર્યું. તકનિકી સહાયમાં વિશાલ માંગરોયી અને કિશન પંચાલ મદદરુપ થયા હતા.

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**‘વિદ્યાયન’, સેક્ટર-૧૦એ, ગાંધીનગર**

**ટેન્ડર નોટીસ**

કચેરીના ઝેરોક્ષિંગ અંગેની વાર્ષિક કામગીરીની ટેન્ડર નોટીસ ૨૦૨૧-૨૨ની નકલદીઠ ઝેરોક્ષિંગ અંગેની વાર્ષિક કામગીરીનો કોન્ટ્રાક્ટ કરવાનો હોવાથી સદર કામગીરીમાં રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે જણાવેલ વિગતેથી રૂ. ૨૦૦/- (નોન રીફંડેબલ) રકમ જમા કરાવી ટેન્ડર ફોર્મ કચેરી ખાતેથી મેળવી સીલબંધ કવરમાં રજૂ કરવા જણાવવામાં આવે છે. કવર ઉપર ‘ઝેરોક્ષ કામગીરીનું ટેન્ડર’ દર્શાવવા જણાવવામાં આવે છે.

| અ.નં. | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧. | ટેન્ડર ફોર્મ વેચાણ શરૂ કરવાની તારીખ | તા. ૨૪/૨/૨૦૨૨ સમય ૧૧:૦૦ કલાકે |
| ૨ | ટેન્ડર ફોર્મ વેચાણ બંધ કરવાની તારીખ | તા. ૫/૩/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાકે |
| ૩ | ડોક્યુમેન્ટ બીડ અને કોમર્શીયલ બીડના બે કવરો રજૂ કરવાની આખરી તારીખ | તા. ૭/૩/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાકે |
| ૪ | ડોક્યુમેન્ટ બીડ અને કોમર્શીયલ બીડ ખોલવાની તારીખ | તા. ૮/૩/૨૦૨૨ સમય ૧૩:૦૦ કલાકે |

માહિતી/૩૨૩૭/૨૧-૨૨ નિયામક

**ટચુકડી જાહેર ખબર દર રવિવારે**
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

